**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૩૦/૦૫/૨૦૧૬ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૯૯૮/૧૬**

**કંટ્રોલ રૂમ :**

**સમય સુચકતા વાપરી જીંદગી બચાવીઃ-**

પો.કો.અરવિંદભાઈ બાબરભાઈ વાઘેલા (ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ટુ ગાડીના ડ્રાયવર) તથા તેમની સાથે એસ.આર.પી. ના માણસો હે.કો.પાંડુરંગ એસ શ્રીમાળી, પો.કો. હિતેશભાઈ કે ચૌહાણ, પો.કો. વિક્રમસિહ વી સોલંકી અને પો.કો.ભુપતભાઈ સી દંતાણી સાથે આજરોજ તા.૩૦/૬/૧૬ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પાલડીથી પોલીસ કમિશનરશ્રીની કચેરીએ જવા સાબરમતી રિવરફ્રંટના રૂટ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ગાંધીબ્રીજની નીચે આવતા અરવિંદભાઈની નજર સાબરમતી રિવરફ્રંટ નદીના પટ ઉપર લગાડેલ લોખંડની એંગલ પકડી લટકતી હાલતમાં ૧૫ થી ૧૬ વર્ષની છોકરીને જોઈ જતા ગાડી ઉભી રાખી તાત્કાલીક નદીના કિનારે જઈ જોતા છોકરી રડતી હતી અને બુમો પાડતી હતી કે મારે મરી જવુ છે. મારે નથી જીવવુ તેમ કહેવા છતા અરવિંદભાઈએ છોકરીને બુમ મારી વાતોમાં વ્યસ્ત રાખી સમય સુચકતા વાપરી સાથેના એસ.આર.પી.ના માણસોને ઈશારો કરતા આ માણસો લપાતા- છુપાતા છોકરી નજીક જઈ કોર્ડન કરી પકડી લીધી હતી. ત્યારબાદ અરવિંદભાઈ પણ પહોચી ગયા હતા અને હાથ પકડીને બહાર કાઢી અરવિંદભાઈએ તાત્કાલીક કંટ્રોલરૂમમાં મેસેજ આપતા કંટ્રોલ ઈન્ચાર્જ પો.ઈ.શ્રી ડી.આર ધમલનાઓએ સાબરમતી રિવરફ્રંટ ઈસ્ટ પોલીસને મેસેજ આપતા સાબરમતી રિવરફ્રંટ ઈસ્ટ પોલીસ તાત્કાલીક સ્થળ ઉપર પહોચી જતા રિવરફ્રંટ ઈસ્ટ પોલીસને છોકરી સહી-સલામત સોપી આપેલ હતી. એક છોકરીની જીંદગી બચાવતા પો.કો.અરવિંદભાઈ અને સાથેના માણસોને પોલીસ અધિકારીશ્રીઓએ બિરદાવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)